પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૧ | ૨ એપ્રિલ, ૨૦૨૧, શુક્રવાર; ફાગણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોના બેકાબુ : ૭૨,૩૩૦ નવા કેસ

## ભારતમાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો પોણા ૬ લાખને પાર : મોતનો આંકડો ડરામણો : છેલ્લા ૨૪ કલાકમાં ૪૫૯ દર્દીઓના મોત નિપજ્યા, કુલ કેસનો આંકડો ૧,૨૨,૨૧,૬૬૫ થયો, મૃત્યુઆંક ૧,૬૨,૯૨૭ પર પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૧

ભારતમાં ૨૪ કલાકમાં નોંધાતા કોરોનાના કેસમાં બહુ મોટો ઉછાળો આવ્યો છે. મંગળવારે જેટલા કેસ નોંધાયા હતા તેની સરખામણીમાં બુધવારે ૧૯,૦૦૦ જેટલા વધુ કેસ નોંધાયા છે. આ સાથે મૃત્યુઆંક પર સાડા ૪૦૦ને પાર થઈ ગયો છે. ભારતમાં જે રીતે કોરોનાના કેસ વધી રહ્યા હતા તેની સાથે એક્ટિવ કેસ અને મૃત્યુઆંક પણ મોટા થઈ રહ્યા છે.



ગુરુવારે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૨,૩૩૦ કેસ નોંધાયા છે અને ૪૫૯ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. ભારતમાં કોવિડ-૧૯ના કુલ કેસનો આંકડો ૧,૨૨,૨૧,૬૬૫ થઈ ગયો છે.

વધુ સાડા ૪૦૦ લોકોના મોત સાથે દેશમાં કુલ મૃત્યુઆંક ૧,૬૨,૯૨૭પર પહોંચી ગયો છે, અને એક્ટિવ કેસની સંખ્યા પોણા છ લાખને પાર કરીને ૫,૮૪,૦૫૫ થઈ ગઈ છે. જ્યારે ૪૦,૩૮૨ લોકએ બુધવારે કોરોના વાયરસને હરાવ્યો છે, દેશમાં કોરોનાને હરાવનારા કુલ દર્દીઓની સંખ્યા ૧,૧૪,૭૪,૬૮૩ થઈ ગયો છે.

આઈસીએમઆરના આંકડા પ્રમાણે બુધવારે ૧૧,૨૫,૬૮૧ લોકોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે, જેની સાથે અત્યાર

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં વધતો કોરોનાનો પ્રકોપ : નવા ૨૪૧૦ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં નવ વ્યક્તિનું મોત : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૬૨૬, વડોદરામાં ૩૬૩, સુરતમાં ૬૧૫ કેસ : ૪૫૪૬૩૮ લોકોનું રસીકરણ કરાયું

અમદાવાદ, તા. ૧

ગુજરાતમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે વિકટ થતી જાય છે. રોજ કોરોનાના આંકડા પોતાનો જ રેકોર્ડ તોડી રહ્યા છે. તેવામાં આજે ગુજરાતનાં નવા ૨૪૧૦ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૦૧૫ લોકો રિકવર થઈને પરત ફરી ચુક્યા છે. આ પ્રકારે કુલ ૨,૯૨,૫૮૪ દર્દીઓ કોરોનામાંથી સાજા થયા છે. જો કે કોરોનાનો ગુજરાતનો રિકવરી રેટ ૯૪.૩૫ ટકાએ પહોંચ્યો છે. જો કે બીજી તરફ સરકારે વેક્સિનેશન બાબતે પણ નવો રેકોર્ડ સ્થાપ્યો છે. ૪,૫૪,૬૩૮ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.

આજથી ૪૫થી વધારે વય ધરાવતા તમામ લોકોનાં રસીકરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ૫૩,૬૮,૦૦૨ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું ૬,૯૭,૬૮૦ વ્યક્તિઓનાં બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું. આ પ્રકારે કુલ ૬૦,૬૮,૬૮૨ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. ૬૦ વર્ષથી વધારે વયના અને ૪૫-૬૦ વર્ષના કુલ ૩,૬૯,૨૬૨ લોકોને પ્રથમ ડોઝનું અને ૨૮,૬૩૫ લોકોને બીજા ડોઝનું રસિકરણ પુર્ણ કરવામાં આવ્યું. જો કે હજી સુધી એક પણ



વ્યક્તિને રસીકરણની આડઅસર જોવા મળી નથી.

જો રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો ૧૨૯૯૬ કેસ એક્ટિવ છે જે પૈકી ૧૫૫ લોકો વેન્ટિલેટર પર છે જ્યારે ૧૨૮૪૧ લોકો સ્ટેબલ છે. આ ઉપરાંત ૨,૯૨,૫૮૪ લોકોને ડિસ્ચાર્જ કરી દેવાયા છે. ૪૫૨૮ લોકોનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. રાજ્યમાં આજે કોરોનાને કારણે કુલ ૯ લોકોનાં મોત નિપજ્યાં છે.


# સમગ્ર એપ્રિલમાં રસીકરણ અભિયાન ચાલુ

## સરકારી રજાઓ સહિત એપ્રિલ માસમાં રસીકરણ ચાલુ રખાશે : દેશમાં વાયુવેગે વધી રહેલાં કોરોના પર નિયંત્રણ માટે કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખી રસીકરણ અભિયાનને સતત ચલાવવા માટે જરૂરી વ્યવસ્થા કરવા માટે જણાવ્યું

નવી દિલ્હી, તા. ૧

દેશમાં વાયુવેગે વધી રહેલા કોરોના સંક્રમણના નવા કેસોને જોતાં કેન્દ્ર સરકારે રસીકરણ અભિયાનને ઝડપી બનાવવાનો નિર્ણય લીધો છે. જે હેઠળ દેશભરમાં ચાલી રહેલા કોરોના રસીકરણ અભિયાનને આખો મહિનો સતત ચલાવવાની જાહેરાત કરવામાં આવી છે, આ દરમિયાન સરકારી સહિત રજાઓમાં પણ રસીકરણની કામગીરી ચાલુ રહેશે.

આ અંગે કેન્દ્રિય આરોગ્ય વિભાગે કહ્યું કે, કેન્દ્ર સરકારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ગુરુવારે એક પત્ર લખી રસીકરણ અભિયાનને સતત ચલાવવા માટે જરુરી વ્યવસ્થા કરવા જણાવ્યું છે. આરોગ્ય વિભાગનું કહેવુ હતું કે દેશમાં કોરોના રસીકરણની ઝડપ અને કવરેજ વધારવા માટે ૩૧ માર્ચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે બેઠકમાં નિર્ણય લેવાયો હતો. જે હેઠળ દેશભરમાં એપ્રિલમાં આવતી તમામ જાહેર અને શનિવાર-રવિવારની રજાઓને રદ કરીને રસી આપવાની કામગીરી સતત ચાલશે. ઉલ્લેખનીય છે કે, પહેલી એપ્રિલથી દેશભરમાં રસીકરણ અભિયાનમાં ૪૫થી વધુ વયના તમામ નાગરિકોને રસી આપવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે.









## ૫૧મો દાદા સાહેબ ફાળકે એવોર્ડ રજનીકાંતને અપાશે

નવી દિલ્હી, તા. ૧

સાઉથ સિનેમાના દિગ્ગજ અભિનેતા રજનીકાંતને ૫૧મા દાદા સાહેબ ફાળકે પુરસ્કાર વડે સન્માનિત કરવામાં આવશે. કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે ગુરૂવારે આ અંગેની જાહેરાત કરી હતી. કોરોના વાયરસના કારણે આ વખતે પણ તમામ પુરસ્કારની જાહેરાત મોડી થઈ છે. તાજેતરમાં જ નેશનલ એવોર્ડની પણ જાહેરાત થઈ હતી. જ્યારે દાદા સાહેબ ફાળકે એવોર્ડને ભારતીય સિનેમાનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ માનવામાં આવે છે.

## અભિનેત્રી-ભાજપનાં સાંસદ કિરણ ખેરને બ્લડ કેન્સર

મુંબઈ, તા. ૧

બોલિવુડ એક્ટ્રેસ કિરણ ખેરના ચાહકોને ગુરુવારે મોટો ઝટકો લાગ્યો હતો. ચંડીગઢથી ભાજપના સાંસદ અને એક્ટ્રેસ કિરણ ખેર બ્લડ કેન્સરથી પીડિત હોવાની વાત સામે આવી હતી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના વધુ એક કલાકારને કેન્સર થતાં ચાહક વર્ગને ધક્કો લાગ્યો હતો. એક તરફ શુભચિંતકો અને ફેન્સ કિરણના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી રહ્યા છે ત્યારે અનુપમ ખેરે ટ્વિટ કરીને પત્નીને કેન્સર હોવાની વાતની પુષ્ટિ કરી છે. સાથે જ હેલ્થ અપડેટ આપી છે.

## માર્ચમાં GSTની રેકોર્ડ ૧.૨૩ લાખ કરોડની આવક

ન્યુ દિલ્હી,તા.૧

નાણા મંત્રાલયએ ગુરૂવારે કહ્યુ કે, માર્ચમાં જીએસટી સંગ્રહ વધીને ૧.૨૩ લાખ કરોડ રૂપિયાની રેકોર્ડ ઉંચાઈએ પહોંચી ગયો, જે પાછલા વર્ષની સમાન અવધીના મુકાબલે ૨૭ ટકા વધુ છે. મંત્રાલયે કહ્યું, જીએસટી આવક છેલ્લા છ મહિના દરમિયાન એક લાખ કરોડ રૂપિયાથી વધુ રહી છે.

